# અધિકાર–૪
# આસ્રવ અધિકાર

શરૂઆત :–'હવે આસ્રવ પ્રવેશ કરે છે

હવે આસ્રવનું સ્વરૂપ કહે છે :—

મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ [1]સંજ્ઞ [2]અસંજ્ઞ છે,
એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.
વળી તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,
ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.

**ગાથાર્થ :—**મિથ્યાત્વ, અવિરમણ, કષાય અને યોગ—એ આસ્રવો સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર) પણ છે અને અસંજ્ઞ (અર્થાત્ પુદ્‌ગલના વિકાર) પણ છે. વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો—કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ—જીવના જ અનન્ય પરિણામ છે. વળી અસંજ્ઞ આસ્રવો જ્ઞાનાવરણ આદિ કર્મનું કારણ (નિમિત્ત) થાય છે અને તેમને પણ (અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં) રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ કારણ (નિમિત્ત) થાય છે. ॥૧૬૪-૧૬૫॥

હવે જ્ઞાનીને આસ્રવોનો (ભાવાસ્રવોનો) અભાવ છે એમ બતાવે છે :—

સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;
નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.

**ગાથાર્થ :—**સમ્યગ્દૃષ્ટિને આસ્રવ જેનું નિમિત્ત છે એવો બંધ નથી, (કારણ કે) આસ્રવનો (ભાવાસ્રવનો) નિરોધ છે; નવાં કર્મોને નહિ બાંધતો તે, સત્તામાં રહેલાં પૂર્વે બંધાયેલાં કર્મોને જાણે જ છે. ॥૧૬૬॥

હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છે :—

રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;
રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.

**ગાથાર્થ :—**જીવે કરેલો રાગાદિયુક્ત ભાવ બંધક (અર્થાત્ નવાં કર્મનો બંધ કરનાર) કહેવામાં આવ્યો છે. રાગાદિથી વિમુક્ત ભાવ બંધક નથી, કેવળ જ્ઞાયક જ છે. ॥૧૬૭॥

હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :—

ફળ પકવ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,
ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.

**ગાથાર્થ :—**જેમ પાકું ફળ ખરી પડતાં ફરીને ફળ ડીંટા સાથે જોડાતું નથી, તેમ જીવને કર્મભાવ ખરી જતાં (અર્થાત્ છૂટો થતાં) ફરીને ઉત્પન્ન થતો નથી (અર્થાત્ જીવ સાથે જોડાતો નથી). ॥૧૬૮॥

હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે એમ બતાવે છે :—

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,
છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.

**ગાથાર્થ :—**તે જ્ઞાનીને પૂર્વે બંધાયેલા સમસ્ત પ્રત્યયો માટીનાં ઢેફાં સમાન છે અને તે (માત્ર) કાર્મણ શરીર સાથે બંધાયેલ છે. ॥૧૬૯॥

હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :—

ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી
બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.

**ગાથાર્થ:—**કારણ કે ચાર પ્રકારના દ્રવ્યાસ્રવો જ્ઞાનદર્શનગુણો વડે સમયે સમયે અનેક પ્રકારનું કર્મ બાંધે છે તેથી જ્ઞાની તો અબંધ છે. ॥૧૭૦॥

હવે વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :—

જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,
ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.

**ગાથાર્થ** :—કારણ કે જ્ઞાનગુણ, જઘન્ય જ્ઞાનગુણને લીધે ફરીને પણ અન્યપણે પરિણમે છે, તેથી તે (જ્ઞાનગુણ) કર્મનો બંધક કહેવામાં આવ્યો છે. ॥૧૭૧॥

હવે વળી ફરી પૂછે છે કે—જો આમ છે (અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય ભાવ બંધનું કારણ છે) તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :—

ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,
તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.

**ગાથાર્થ** :—કારણ કે દર્શન-જ્ઞાન-ચારિત્ર જઘન્ય ભાવે પરિણમે છે તેથી જ્ઞાની અનેક પ્રકારનાં પુદ્‌ગલકર્મથી બંધાય છે. ॥૧૭૨॥

હવે, પૂર્વોક્ત આશંકાના ઉત્તરની ગાથા કહે છે :—

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદ્રષ્ટિને,
ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.

અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,
જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.

સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;
ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.

આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,
આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.

**ગાથાર્થ :—**સમ્યગ્દ્રષ્ટિને બધા પૂર્વે બંધાયેલા પ્રત્યયો (દ્રવ્ય આસ્રવો) સત્તારૂપે મોજૂદ છે તેઓ ઉપયોગના પ્રયોગ અનુસાર, કર્મભાવ વડે (–રાગાદિક વડે) નવો બંધ કરે છે. તે પ્રત્યયો, નિરુપભોગ્ય રહીને પછી જે રીતે ઉપભોગ્ય થાય છે તે રીતે, જ્ઞાનાવરણાદિ ભાવે સાત-આઠ પ્રકારનાં થયેલાં એવાં કર્મોને બાંધે છે. સત્તા-અવસ્થામાં તેઓ નિરુપભોગ્ય છે અર્થાત્ ભોગવવાયોગ્ય નથી—જેમ જગતમાં બાળ સ્ત્રી પુરુષને નિરુપભોગ્ય છે તેમ; તેઓ ઉપભોગ્ય અર્થાત્ ભોગવવાયોગ્ય થતાં બંધન કરે છે—જેમ તરુણ સ્ત્રી પુરુષને બાંધે છે તેમ. આ કારણથી સમ્યગ્દ્રષ્ટિને અબંધક કહ્યો છે, કારણ કે આસ્રવભાવના અભાવમાં પ્રત્યયોને (કર્મના) બંધક કહ્યા નથી. ।।૧૭૩-૧૭૬।।

કારણ કે જ્ઞાનીને રાગદ્વેષમોહ તો અસંભવ છે તેથી તેને બંધન નથી કેમકે તે (રાગદ્વેષમોહ) જ બંધનું કારણ છે.

હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :—

નહિ રાગદ્વેષ, ન મોહ—એ આસ્રવ નથી સુદ્રષ્ટિને,
તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.

હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,
તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.

**ગાથાર્થ :—**રાગ, દ્વેષ અને મોહ—એ આસ્રવો સમ્યગ્દ્રષ્ટિને નથી તેથી આસ્રવભાવ વિના દ્રવ્યપ્રત્યયો કર્મબંધનાં કારણ થતા નથી.

(મિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ આઠ પ્રકારનાં કર્મોનાં કારણ કહેવામાં આવ્યા છે, અને તેમને પણ (જીવના) રાગાદિ ભાવો કારણ છે; તેથી રાગાદિ ભાવોના અભાવમાં કર્મ બંધાતાં નથી. (માટે સમ્યગ્દ્રષ્ટિને બંધ નથી.) ।।૧૭૭-૧૭૮।।

જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને ફરીને રાગાદિના સંબંધને પામે છે એવા જીવો, જેમણે જ્ઞાનને છોડ્યું છે એવા થયા થકા, પૂર્વબદ્ધ

દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે (–કર્મોને બાંધે છે)—કે જે કર્મબંધ વિચિત્ર ભેદોના સમૂહવાળો હોય છે (અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).

હવે આ જ અર્થને દ્રષ્ટાંત દ્વારા દ્રઢ કરે છે :—

પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે
બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.

ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે
બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.

**ગાથાર્થ :**—જેમ પુરુષ વડે ગ્રહાયેલો જે આહાર તે ઉદરાગ્નિથી સંયુક્ત થયો થકો અનેક પ્રકારે માંસ, વસા, રુધિર આદિ ભાવોરૂપે પરિણમે છે, તેમ જ્ઞાનીને પૂર્વે બંધાયેલા જે દ્રવ્યાસ્રવો છે તે બહુ પ્રકારનાં કર્મ બાંધે છે;—એવા જીવો શુદ્ધનયથી ચ્યુત થયેલા છે. (જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય તો તેને કર્મ બંધાય છે.) ॥૧૭૯-૧૮૦॥

આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી લીધો તેથી તે બહાર નીકળી ગયો.

શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.

* * *